NEED 24 NEWS
DIGITAL E-PAPER
हर खबर, हर शहर
PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577
GST
GSTIN 24CINPG0564Q1ZT
UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714
www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:
तेज़ | सटीक | निष्पक्ष | जनहित में
सच की आवाज़
जन-जन की आवाज़
निडर पत्रकारिता



# મુન્દ્રા-બારોઇ નગરપાલિકા વિસ્તારમાં બારોઇ ગામ નજીક ગંદા પાણીના તળાવમાં યુવક ડૂબ્યો હોવાની આશંકા સાથે શોધખોળ કામગીરી ચાલુ.




**બારોઇ મુસ્લિમ સમાજના પટેલ આમદભાઈ ગોયલ, સ્થાનિક કાઉન્સિલર ઇમ્તિયાઝ સુમરા, સબીરભાઈ ધ્રુઇયા ઘટના સ્થળે હાજર.**

**B. K. MAHESHWARI।** તારીખ: ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ આજે મુન્દ્રા-બારોઇ નગરપાલિકા વિસ્તારમાં બારોઇ ગામ નજીક આવેલ ખારી મીઠી સામે આવેલા ગંદા પાણીના તળાવમાં એક યુવક ડૂબી ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. યુવકના કપડા પગારખા તળાવ પાસે મળ્યા યુવાન ની શોધ ચાલી રહી છે. આ અંગેની જાણ થતાં જ મુન્દ્રા તાલુકાના મામલતદારશ્રી તથા મુન્દ્રા પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા છે. પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા યુવકની શોધખોળની કામગીરી શરૂ કરવામાં આવી છે. હાલમાં ઘટના સ્થળે શોધ કાર્ય ચાલુ છે. વધુ વિગતો માટે પોલીસ અને વહીવટી અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# બનાસકાંઠા પોલીસએ ભાદરવી પુનમ મહામેળા માટે ૪૦ થી વધુ આરોપીઓને રોક્યા..



**અંબાજીમાં ભાદરવી પુનમ મહામેળા દરમિયાન બનાસકાંઠા પોલીસએ ૪૦ થી વધુ ગુનાહિત આરોપીઓને રોકીને કાયદો અને વ્યવસ્થા જા...**

**Shahbuddin A Shiroya।** બનાસકાંઠામાં-: પોલીસએ ૨૦સપ્ટેમ્બર૨૦૨૬ થી અંબાજીમાં યોજાનાર ભાદરવી પુનમ મહામેળા માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા ૪૦ થી વધુ આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરી.. જે સુચના અનુસાર ચિરાગ કોરડીયા ઇન્ચાર્જ પોલીસ મહાનિરીક્ષક, પાલનપુર અને પ્રશાંત સુંબે પોલીસ અધિક્ષક, બનાસકાંઠા રેન્જે એલ.સી.બી.,એસ.ઓ.જી.અને સ્થાનિક પોલીસ દ્વારા અલગ અલગ ટીમો ગઠિત કરી, મહામેળા દરમ્યાન શાંતિને ખલેલ પહોંચાડતા તત્વોને ઓળખવા અને રોકવા માટે કાર્ય કર્યું.ટીમોએ અંબાજી,દાંતા,હડાદ અને અમીરગઢ વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં લૂંટ,ધાડ,અપહરણ,મારી મારી અને અન્ય ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા ૪૦ થી વધુ આરોપીઓની માહિતી તૈયાર કરી,તેમની સંપર્ક વિગતો અને બાયોડેટા સાથે અને મહામેળા દરમ્યાન કોઈ કાયદા વ...

## ભરૂચ જિલ્લામાં રૂ.45.22 લાખની સાયબર ઠગાઈમાં 4 આરોપીઓ ધરપકડ..



**Shahbuddin A Shiroya।** ભરૂચ જિલ્લામાં-: સાયબર ક્રાઇમની મોટી કાર્યવાહી કરવામાં આવી, જેમાં ટ્રેડિંગમાં વધુ નફાની લાલચથી રૂ.45.22 લાખની છેતરપિંડીનો કેસ ખુલ્યો. પોલીસ દ્વારા આ કિસ્સામાં જોડાયેલા ચાર આરોપીઓને ઝડપવામાં આવ્યા.તપાસમાં જાણવા મળ્યું કે આરોપીઓએ 400થી વધુ ડમી સીમકાર્ડનો ઉપયોગ કરીને વિવિધ વોટ્સએપ એકાઉન્ટ સક્રિય કર્યા.આ એકાઉન્ટો દ્વારા સાયબર ઠગોને નમ્બરો આપીને તેઓને ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન અને નાણાકીય ઠગાઈમાં સહાયતા કરવામાં આવી.. આ છેતરપિંડીનું મુખ્ય ઉદ્દેશ ટ્રેડિંગ ક્ષેત્રમાં અયોગ્ય નફો મેળવવાનો હતો.આરોપીઓએ નકલી સીમકાર્ડો દ્વારા અનેક નાણાકીય પ્લેટફોર્મમાં ખોટા ટ્રાન્ઝેક્શન કરીને રોકડ હાંસલ કરવાનો પ્રયાસ કર્યો.પોલીસએ આરોપીઓને કસ્ટડીમાં રાખી, આગળની તપાસ અને કોર્...

## ઘાટલોડિયા વિસ્તારમાં રાત્રિ ઘરફોડમાં રાજસ્થાની ગેંગના સભ્યને LCB ઝોન-7એ પકડ્યો




**Shahbuddin A Shiroya।** ઘાટલોડિયા વિસ્તારમાં રાત્રિના સમયગાળામાં થયેલી ઘરફોડ ચોરીની ઘટના સ્થાનિક રહેવાસીઓમાં ચિંતા પેદા કરી. પોલીસને મળેલી માહિતી અને પ્રાથમિક તપાસ પછી, કિસ્સાની વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી.LCB ઝોન-7ની ટીમે અનેક દિવસો સુધી તપાસ કરી, અને અંતે રાજસ્થાની ગેંગ સાથે સંકળાયેલા એક વ્યક્તિને પકડવામાં સફળતા મેળવી. આરોપીને મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવ્યો,જેમાં રૂ.41,000 નગદ રકમ કબજે કરવામાં આવી.. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે કબજાયેલ વ્યક્તિને કાયદા મુજબ પ્રક્રિયા કરવામાં આવશે અને વધુ તપાસ ચાલુ રહેશે. આ ઘટનાથી સ્થાનિક સુરક્ષા વ્યવસ્થામાં સુધારો લાવવા માટે પગલાં લેવામાં આવશે.

## હિંમતનગર નગરપાલિકાએ 17 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર સુધી ‘સ્વચ્છતા હી સેવા-2026’ અભિયાન શરૂ કર્યું..

**Shahbuddin A Shiroya।** સાબરકાંઠા જિલ્લાના-: હિંમતનગર નગરપાલિકાએ ‘સ્વચ્છતા હી સેવા-2026’ નામનું સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું છે.આ ઝુંબેશ 17 સપ્ટેમ્બર 2026 થી 2 ઓક્ટોબર 2026 સુધી ચલાવવામાં આવશે.. નગરપાલિકા દ્વારા જાહેર સ્થળો, ગલીઓ અને જાહેર સુવિધાઓની સફાઈ માટે વિવિધ ટીમો નિમવામાં આવી છે. સ્વચ્છતા જાગૃતિ વધારવા માટે નાગરિકોને પણ ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.આ અભિયાનનું મુખ્ય ઉદ્દેશ શહેરની સ્વચ્છતા સ્તરને સુધારવું અને સ્વચ્છતા સંબંધિત નીતિઓનું અમલીકરણ સુનિશ્ચિત કરવું છે.નગરપાલિકા અધિકારીઓએ જણાવ્યું છે કે આ સમયગાળા દરમિયાન નિયમિત નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવામાં આવશે.. હિંમતનગર નગરપાલિકાએ આ પહેલને સ્થાનિક સમુદાય અને વ્યવસાયિકો સાથે સહકારમાં અમલમાં મૂકવાની યોજના...

## ઝાલોદ કૉલેજ ખાતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી આંતર-કોલેજ ચેસ ટુર્નામેન્ટ-૨૦૨૬ યોજાઈ*

**Pankaj Pandit।** *ઝાલોદ કૉલેજ ખાતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી આંતર-કોલેજ ચેસ ટુર્નામેન્ટ-૨૦૨૬ યોજાઈ* શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાના ઉપક્રમે શ્રી કે.આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના યજમાન પદે તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આંતર કૉલેજ ચેસ ટુર્નામેન્ટ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના યશસ્વી આચાર્યશ્રી ડૉ. એ.આર. મોદી સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તથા કૉલેજના ફિઝિકલ ડાયરેક્ટર ડૉ. બહાદુરસિંહ ગોહિલ સાહેબના ઉત્સાહભર્યા આયોજન હેઠળ આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ ટુર્નામેન્ટના મુખ્ય ઉદ્ઘાટક તરીકે ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ, ભૂતપૂર્વ આચાર્ય તથા વર્તમાન કેમ્પસ ડાયરેક્ટર શ્રી એસ.આર. રાવ સાહેબની વિશેષ ઉપસ...




## ભાદરવી પૂનમ માટે અંબાજી હાઇવે પર સેવા કેમ્પની તૈયારીઓ શરૂ



**MAHESH GAUSWAMI।** ભાદરવી પૂનમની ઉજવણી માટે અંબાજી તરફ યાત્રા કરનારા યાત્રિકોની સુવિધા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા અંબાજી હાઇવે પર સેવા કેમ્પની તૈયારીઓ શરૂ થઈ છે. આ કેમ્પનું મુખ્ય ઉદ્દેશ યાત્રિકોને આરામદાયક નિવાસ, ખોરાક અને તબીબી સહાય પ્રદાન કરવાનું છે. સેવા કેમ્પમાં મંડપ અને ટેન્ટોનું નિર્માણ ચાલી રહ્યું છે. મંડપમાં ધાર્મિક કાર્યક્રમો અને ભોજન વિતરણ માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જ્યારે ટેન્ટો યાત્રિકોને તાત્કાલિક નિવાસ માટે તૈયાર કરવામાં આવ્યા છે. સેવાભાવી સ્વયંસેવકો દ્વારા આ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવી રહ્યું છે. તેઓ યાત્રિકોની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને ખોરાક, પાણી, સ્વચ્છતા અને તબીબી સહાયની વ્યવસ્થા કરી રહ્યા છે. આ પહેલ દ્વારા યાત્રિકો માટે સુરક...

## ભારત માળા રોડ પર ટ્રકોમાંથી ચોરી કરતા બે ઇસમાઓને વાવ-થરાદ લોકલ ક્રાઇમ બ્રાંચે પકડ્યા...




**Shahbuddin A Shiroya।** વાવ-થરાદની લોકલ ક્રાઇમ બ્રાંચે આજે ભારત માળા રોડ પર ટ્રકોમાંથી ચોરી કરતા બે ઇસમાઓને પકડ્યા. પોલીસને જાણ મળતાં જ તાત્કાલિક કાર્યવાહી કરીને શંકાસ્પદ વ્યક્તિઓને અટકાવીને કબ્જામાં લીધી.પકડાયેલા ઇસમાઓને તત્કાલ જ કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે અને તપાસ ચાલુ છે. ટ્રકોમાંથી ચોરી કરવાનો પ્રયાસ કરતા તેઓએ કોઈપણ વ્યક્તિને હાનિ પહોંચાડીને નથી અને કોઈ જખમ પણ નોંધાયું નથી.. પોલીસ અધિકારીઓએ જણાવ્યુ છે કે આ પ્રકારની ચોરીની ઘટનાઓને અટકાવવા માટે નિયમિત પાટ્રોલિંગ અને સ્થાનિક નાગરિકોની સહકાર જરૂરી છે. તપાસમાં વધુ માહિતી મળતાં જ સંબંધિત અધિકારીઓ યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરશે.




## બનાસકાંઠામાં કોમેડી કિંગ ગુજુ લવ ગુરુની મોટરસાયકલ અકસ્માતમાં મૃત્યુ




**બનાસકાંઠા જિલ્લામાં કોમેડી કિંગ ગુજુ લવ ગુરુનું મોટરસાયકલ અકસ્માતમાં નિધન થયું.**

**Bhil Axay।** ગ઼ુજર઼ાતના બનાસકાંઠા જિલ્લામાં પ્રસિદ્ધ કોમેડી કિંગ ગુજુ લવ ગુરુને મોટરસાયકલ અકસ્માતમાં મૃત્યુ થયું. સ્થાનિક સ્ત્રોતો અનુસાર, તેઓ એક મોટરસાયકલ પર મુસાફરી કરતા હતા ત્યારે અકસ્માત થયો. ગુજુ લવ ગુરુને ગુજરાતની કોમેડી જગતમાં "કોમેડી કિંગ" તરીકે ઓળખવામાં આવતું હતું અને તેમની હાસ્યપ્રદ રજૂઆતને પ્રેક્ષકોમાં વિશાળ લોકપ્રિયતા હતી. આ દુર્ઘટનાથી તેમની પરિવાર અને ચાહકોમાં અફસોસની લાગણી ઊભી થઈ છે. ઘટનાની જાણ સ્થાનિક મીડિયા દ્વારા કરવામાં આવી છે અને સમાચાર ઝડપથી વિસ્તર્યા છે, જેનાથી પ્રાંતીય સ્તરે આ દુઃખદ સમાચારનું વ્યાપક પ્રતિક્રિયા જોવા મળી રહી છે.

## સથવારા ફળીયા ભગતવાડી વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ભુજ શહેર બી ડિવિઝન પોલીસ.



**Savan Vijay Solanki।** સથવારા ફળીયા ભગતવાડી વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી ભુજ શહેર બી ડિવિઝન પોલીસ. પકડાયેલ આરોપીઓ :- (૧) વિજય ગોવિંદભાઈ સથવારા ઉ.વ.૨૫ રહે. દુકાન પાછળ ભગતવાડી સથવારા ફળીયુ ભુજ| (૨) મનિષ મંગુભાઈ સથવારા ઉ.વ.૨૭ રહે.સરપટનાકા પાસે સથવારા ફળીયું ભુજ (૩) અનિલ ઉર્ફે ભુરો રાજુભાઈ સથવારા ઉ.વ.૩૪, રહે. સથવારા ફળીયુ સરપટનાકા બહાર ભુજ| (૪) કલ્પેશ હીરાભાઈ સથવારા ઉ.વ.૩૨, રહે. હનુમાન મંદીર પાસે રામનગરી| ભુજ| (૫) ગોવિંદ નીતીન બુધીયા ઉ.વ.૩૦, રહે.ભગતવાડી સથવારા ફળીયુ ભુજ| (૬) મીથુભાઈ રાયચંદ સથવારા ઉ.વ.૫૭, રહે.બીદડા તા.માંડવી કચ્છ ભુજ (૭) દિલીપભાઈ મણીલાલ સથવારા ઉ.વ.૪૫, રહે. હનુમાન મંદીર પાસે રામનગરી ભુજ (૮) મનોજ ઉર્ફે મણ્યો જંયતીભાઈ સથવારા ઉ.વ.૨૦,...

## ચીખલી ખાતે ₹૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ (SDH)નું લોકાર્પણ કરવામાં આવ્યુ



**Kamlesh Solanki।** આજરોજ ચીખલી ખાતે ₹૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ (SDH)નું લોકાર્પણ યશસ્વી કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી C R Paatil સાહેબના હસ્તે અને ગુજરાત સરકારના મંત્રી શ્રી નરેશ ભાઈ પટેલ સાહેબ તથા રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા જીની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભુરાલાલ શાહ સાહેબ ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ સાહેબ,જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિરાલીબેન નાયક સહિત અન્ય હોદ્દેદારો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજ્જુ લવ ગુરુ ચંદન રાઠોડના અકસ્માત કેસમાં મહત્વપૂર્ણ કાર્યવાહી



**MAHESH GAUSWAMI।** ગુજ્જુ લવ ગુરુ તરીકે જાણીતા ચંદન રાઠોડના અકસ્માતમાં મોતના મામલે હવે મહત્વપૂર્ણ કાર્યવાહી સામે આવી છે. અકસ્માતમાં સંડોવાયેલી બાઇક નંબર GJ-08-CL-4210ના ચાલક સામે ભાભર પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરી ગુનો નોંધવામાં આવ્યો છે. ચંદન રાઠોડના મોત મામલે થયેલી પોલીસ કાર્યવાહીને પગલે સમગ્ર કેસમાં નવો વળાંક આવ્યો છે. હાલ ભાભર પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## સાબરકાંઠા ખાતે પ્રધાનમંત્રી મોદીના જન્મદિવસે 'આશીર્વાદનો દીવડો' અભિયાનમાં દીપ પ્રગટાવ્યું..

**Shahbuddin A Shiroya।** સાબરકાંઠા જિલ્લાના-: પ્રાંતિજ વોર્ડ નંબર-2,ઓમકારેશ્વર મહાદેવ મંદિર, રેલવે સ્ટેશન ખાતે શહેર સંગઠન દ્વારા આયોજિત 'આશીર્વાદનો દીવડો' અભિયાનમાં દીપ પ્રગટાવીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી.આ અભિયાનમાં સ્થાનિક સમુદાયના સભ્યો અને સ્વયંસેવકો એકત્ર થયા અને દીપ પ્રગટાવીને દેશના વડાપ્રધાન પ્રત્યે આદર અને શુભેચ્છા વ્યક્ત કરી.. આ કાર્યક્રમનો હેતુ મોદીના નેતૃત્વ હેઠળ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની સૌની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવાનો હતો.દીપ પ્રગટાવવાની ક્રિયા દ્વારા સમુદાયે એકતાની ભાવના અને રાષ્ટ્રપ્રેમની અભિવ્યક્તિ કરી.

## રાજપારડીના લોકમેળામાં 112ની કામગીરી

**MALEK SIRAJUDDIN I.।** રાજપારડીના લોકમેળામાં 112ની સતર્કતા: ગીચ ભીડમાં બાળકીની તબિયત લથડતાં જનરક્ષક ટીમે સમયસર પહોંચાડી હોસ્પિટલ. ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામ ખાતે આવેલા પૌરાણિક સારસા માતાના મંદિર પરંપરાગત ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેળામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતાં સમગ્ર વિસ્તારમાં ભારે ભીડ જોવા મળી હતી.મેળામાં યાત્રાળુઓની સુરક્ષા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજપારડી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ તેમજ જનરક્ષક 112ની ટીમ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું.સાથે જ ખિસ્સા કાતરોથી સાવધાન રહેવા અને પોતાના કિંમતી સામાનની તકેદારી રાખવા માટે એનાઉન્સમેન્ટ દ્વારા લોકોને સતત જાગૃત કરવામાં આવી રહ્યા હતા.આ દરમિય...






## વાવના ગુજ્જુ લવ ગુરુનું દુઃખદ અકસ્માત: ભાભર હરિધામ ગૌશાળા નજીક મૃત્યુ



**Alpeshbhai Rathod।** વાવ તાલુકા વિસ્તારમાં રહેતા અને સુઈગામ પંથકમાં 'ગુજ્જુ લવ ગુરુ' તરીકે જાણીતા યુવકનું ભાભર હરિધામ ગૌશાળા નજીક અકસ્માતમાં ગંભીર ઈજાઓ થઈ, જેના કારણે તેમને તાત્કાલિક ભાભર સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા. તબીબી સારવાર દરમિયાન, દુર્ભાગ્યવશ, યુવકનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું. અકસ્માતની ચોક્કસ પરિસ્થિતિ અને મૃત્યુનું કારણ હજી તપાસ હેઠળ છે. ઘટનાની જાણ થતાં પરિવારજનો અને પરિચિતોમાં શોકની લાગણી પ્રસરી છે. તેઓ ઘટનાની વિગતો માટે પોલીસ અને હોસ્પિટલ તરફથી સત્તાવાર પુષ્ટિની રાહ જોઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર મળેલી માહિતી અનુસાર, મૃત્યુનું કારણ અને અકસ્માતની સંપૂર્ણ વિગતો માટે સત્તાવાર પુષ્ટિ જરૂરી છે. પોલીસ અને હોસ્પિટલ તરફથી વધુ માહિતી...

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે મઘાનીસર ગામે ધાર્મિક કાર્યક્રમ યોજાયો



**Pankaj Pandit।** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે મઘાનીસર ગામે ધાર્મિક કાર્યક્રમ યોજાયો મઘાનીસર ગામે હનુમાનજીના મંદિરે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર દામોદરદાસ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય ચેરમેન શ્રીમતી ડામોર સુમનબેન મુકેશભાઈ, પૂર્વ પાર્ટી પ્રમુખ સાહેબશ્રી ડામોર મુકેશભાઈ, મહુડી તાલુકા સભ્યશ્રી, તાલુકા કૌશાધ્ય શ્રી સુવર પારુભાઈ, ઘેસવા સરપંચ શ્રીમતી ડામોર રિંકુબેન સહિત ચૂંટાયેલા સભ્યશ્રીઓ તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસને અનોખી રીતે ઉજવતા ૭૬ દીપ પ્રગટાવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત ઉપસ્થિત સૌએ...

## ઘોઘંબાના શામળ કુવા ગામે બે એસટી બસો વચ્ચે ગમખાર અકસ્માત, મોટી જાનહાનિ ટળી

**PradipKumar Baria।** ગુજરાતના પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં એક મોટી દુર્ઘટના ટળી છે. તાલુકાના શામળ કુવા ગામે બે એસટી બસો સામસામે આવી જતાં એક ગમખાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બંને બસોને મોટું નુકસાન થયું છે, પરંતુ સદનસીબે કોઈ મોટી જાનહાનિ થઈ નથી. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, શામળ કુવા ગામ નજીકથી પસાર થઈ રહેલી બે એસટી બસો અચાનક સામસામે આવી ગઈ હતી અને બંને વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બસમાં સવાર મુસાફરોની મદદ માટે બચાવ કામગીરી શરૂ કરી હતી. આ અકસ્માતમાં બસોને ભારે નુકસાન પહોંચ્યું હોવા છતાં, તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો છે. અકસ્માતની આ ઘટનાને પગલે સ્થાનિક મ...

## ઝઘડિયા ના ધારાસભ્ય રીતેશભાઈ વસાવા ની ઉપસ્થિતિમાં બ્લડ ડોનેટ કાર્યક્રમ યોજાયો




**MALEK SIRAJUDDIN I.।** ઝઘડિયા એપીએમસી હોલમા સેવા મેરા યોગદાન અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન.. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના જન્મ દિવસ નિમિતે સેવા મેરા યોગદાન કાર્યક્રમ માં ધારાસભ્ય રીતેશભાઈ વસાવા, ઝગડીયા તાલુકાના અધિકારીઓ,જિલ્લા પ્રમુખ ડિમ્પલબેન રાજ ઝઘડિયા તાલુકા પ્રમુખસંદીપભાઈ પટેલ મહામંત્રી વિનોદભાઈ વસાવા ઝઘડિયા તાલુકા પંચાયતના સભ્યો તમામ મોરચાના હોદ્દેદારો હાજર રહી કાર્યક્રમ ને સફળ બાનાવ્યો હતો.. રિપોર્ટર: મલેક સિરાજુદ્દીન જગડીયા

## હિંમતનગરમાં ભવ્ય 'જય અંબે પત્રકાર વિસામો' સેવા કેમ્પનું લોકાર્પણ..

**Shahbuddin A Shiroya।** સાબરકાંઠામાં-: આજે તારીખ-19/09/2026ના રોજ, શુક્રવારે, સવારે 10:30 વાગ્યે, પ્લુટો હોસ્પિટલની બાજુમાં, મોતીપુરા, હિંમતનગરમાં, ભવ્ય મા અંબાના ધામ અંબાજી માટે પદયાત્રીઓને આરોગ્ય સેવા આપવા માટે સ્થાનિક અર્બન સેન્ટર દ્વારા આયોજિત "જય અંબે પત્રકાર વિસામો" સેવા કેમ્પનું લોકાર્પણ થયું.. આ કાર્યક્રમનું આયોજન ઓમકુમાર મલેશિયા, નિકુંજ પંડ્યા, રૂપાજી પ્રજાપતિ અને ભાવેશ ભોઈ જેવા સેવાભાવી આયોજકો દ્વારા કરવામાં આવ્યું. મુખ્ય અતિથિ તરીકે સિદ્ધાર્થ પટેલ અને રાષ્ટ્રીય સેવા સમિતિ સંઘના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા. હિંમતનગર ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, નગરપાલિકાના નવા પ્રમુખ અરુણા કડિયા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, નગરપાલિકા સદસ્ય હંસા પિત્રોડા, હિતેશ પટ...

## શીનોર તાલુકાના ગરાડી ગામે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 76 માં જન્મદિવસ ઉજવ્યો.



**Rathod Shahidkha।** વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના ગરાડી ખાતે હજરત પીર યુસુફ બાવા ખાતે માન્ય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સાહેબ ના જન્મ દિને તથા જનસેવા , સુશાસન અને સમર્પણ ના 25 મા વર્ષ નીમિર્ત સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આશિર્વાદ દીવદો કાર્યક્રમો યોજાયો.તથા દુવા કરવામાં આવી..... જેમાં પ્રદેશ લઘુમતિ મોરચાના પ્રમુખ નાહીનભાઇ કાજી, પ્રદેશ લઘુમતિ મોરચાના મહામંત્રી સાદાબ અબ્બાસી, અને આફિયાબેન મલેક, ઉપપ્રમુખ હનીફભાઇ પટેલ, મંત્રી મોહસીન વોહરા, વડોદરા જિલ્લાના લઘુમતી મોરચાના પ્રમુખ નીશારભાઈ સૈયદ મહમંત્રિ અમિતભાઈ મેમણ.સીદ્દીકભાઈમલેક.દરગાહ આગેવાન સાદીકભાઈ ગરાસિયા તેમજ ગામ જનો ઉપસ્થિત રહ્યા.




## સાબરકાંઠાના-: ખેડબ્રહ્મા ખાતે અંબિકા માતાજી મંદિરમાં સેવા-સંકલ્પ અભિયાન હેઠળ દીપ પ્રગટાવ અને આરતી..



### સેવા-સંકલ્પ અભિયાનના ભાગરૂપે,જિલ્લા પંચાયત પ્રમુખ રીનાબેન પટેલની અધ્યક્ષતામાં અંબિકા માતાજી મંદિર ખાતે દીપ પ્ર...

**Shahbuddin A Shiroya।** સાબરકાંઠા જિલ્લાના-: ખેડબ્રહ્મા સ્થિત અંબિકા માતાજી મંદિર ખાતે 'સેવા-સંકલ્પ અભિયાન' અંતર્ગત એક વિશેષ ધાર્મિક સમારંભ યોજાયો.સમારંભમાં 'એક દીવો આશીર્વાદનો' નામની દીપ પ્રગટાવ અને આરતી કરવામાં આવી, જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ રીનાબેન પટેલ અધ્યક્ષ તરીકે હાજર રહી. પ્રાર્થનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘાયુ,સુખાકારી અને સ્વસ્થ જીવન માટે વિનંતી કરવામાં આવી.આ કાર્યક્રમ સ્થાનિક સમુદાયમાં ધાર્મિક એકતા અને સેવા-સંકલ્પની ભાવનાને મજબૂત કરવા માટે આયોજિત કરવામાં આવ્યો.

## પર્યુષણ પર્વ ક્ષમાપના અને આત્મશુદ્ધિ પર્વ ડભોઈ માં ઉજવાય!



**Dharmendrakumar Dhobi।** પર્યુષણ પર્વ: ક્ષમાપના અને આત્મશુદ્ધિનું પર્વ ડભોઇ માં ઉજવાયુ ! જૈન ધર્મનું સૌથી મહત્વપૂર્ણ પર્વ એટલે પર્યુષણ પર્વ. આ પર્વ આત્મશુદ્ધિ, તપ, ત્યાગ અને સંયમનું પ્રતીક છે. આઠ દિવસ સુધી ચાલતું આ પર્વ શ્રાવણ વદ તેરસથી ભાદરવા સુદ પાંચમ સુધી ઉજવાય છે. આ દરમિયાન જૈન શ્રદ્ધાળુઓ ઉપવાસ, પૂજા, પ્રવચન, અને સ્વાધ્યાય જેવા કાર્યોમાં લીન થઈ જાય છે. પર્યુષણનો અંતિમ દિવસ 'સંવત્સરી' તરીકે ઓળખાય છે, જે આ પર્વનું સૌથી શક્તિશાળી પાસું છે. પર્યુષણનું મહત્વ પર્યુષણ પર્વ એ માત્ર ઉપવાસ કે ધાર્મિક ક્રિયાઓ પૂરતું સીમિત નથી. આ પર્વનો મુખ્ય ઉદ્દેશ્ય મનુષ્યને તેના આંતરિક સ્વરૂપનું ભાન કરાવવાનો છે. આ આઠ દિવસમાં દરેક શ્રદ્ધાળુ પોતાના મનને શાંત રાખીને, સાંસારિક જીવનની વ્યસ્...

### નેનાવા ગામમાં મેઘવંશી સમાજની ભવ્ય શોભાયાત્રા:



**BharatKumar shankarbhai Meghval।** ભાદરવા સુદ નોમ નિમિત્તે નેનાવા ગામે મેઘવંશી સમાજ દ્વારા બાબા રામદેવપીરના નેજા-ધજા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના તમામ ભાઈઓ-બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગામના મુખ્ય માર્ગો પર ઢોલ-નગારા અને "જય બાબા રી, જય રામસા પીર" ના જયઘોષ સાથે ભવ્ય રેલી/શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બહેનોએ માથે નેજા લઈને ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારબાદ વિધિવત રીતે રામદેવપીર મંદિરના શિખર પર નેજા-ધજા ચડાવવામાં આવી હતી. પ્રવાસ દરમિયાન રંગબેરંગી વસ્ત્રો અને પરંપરાગત સંગીત સાથે ભવ્ય પ્રદર્શન કરવામાં આવ્યું, જે ગામના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે છે. સમુદાયના સભ્યો અને ગામવાસીઓએ આ કાર્યક્રમને ખૂબ જ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું, અને આ ઘટનાએ સમા...

### તલોદરા ખાતે સ્થિત પર્યાવરણ ફાઉન્ડેશન દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું




**MALEK SIRAJUDDIN I.।** તલોદરા ખાતે સ્થિત પર્યાવરણ ફાઉન્ડેશન દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન ઝઘડિયા તાલુકાના તલોદરા સ્થિત પર્યાવરણ ફાઉન્ડેશન દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે 'મેરા યોગદાન' અંતર્ગત રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરૂચ દૂધધારા ડેરી ખાતે યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી સામાજિક સેવામાં યોગદાન આપ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ સહિત વિવિધ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તલોદરા ગામના આગેવાન વિઠ્ઠલભાઈ વસાવા તથા તેમની ટીમના સહયોગથી રક્તદાન કેમ્પને સફળ બનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો દ્વારા રક્તદાનના મહત્વ અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા તેમજ જરૂરિયાતમંદ...

### ગોધરા તાલુકાના કેવડિયા ગામે ૭૬મા જન્મ દિવસ નિ ઉજવણી

**Chauhan Gavesinh Maganbhai।** દેશ ભરમાં નરેન્દ્ર મોદી સાહેબ ના જન્મ દિવસ નિ ઉજવણી ચાલી રહી છે ત્યારે ગોધરા તાલુકાના કેવડિયા ગામે અનોખી રીતે ઉજવણી કરવામાં આવી ગામનાં સ્થાનિક નાગરિકો અને જનપ્રતિનિધિઓ ૧૦૧ દિવા પ્રગટાવી નરેન્દ્ર મોદી સાહેબ ના સારા સ્વાસ્થ્ય માટે મંગલ કામના કરી કાર્યકમ માં સરપંચ તેમજ ગામનાં ડેપ્યુટી સરપંચ તેમજ ગ્રામપંચાયત નાં તલાટી કમ મંત્રી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા

### ઝાલોદમાં મહાલક્ષ્મી પ્રાગટ્યોત્સવ અને રાધાષ્ટમીની ભક્તિમાં રંગાયું નગર

**Pankaj Pandit।** ઝાલોદમાં મહાલક્ષ્મી પ્રાગટ્યોત્સવ અને રાધાષ્ટમીની ભક્તિમાં રંગાયું નગર લુહારવાડાના પૌરાણિક મહાલક્ષ્મી મંદિરે શાસ્ત્રોક્ત પૂજન-હવન સાથે પૂર્ણાહુતિ, મીઠાચોકના રાધે કૃષ્ણ મંદિરે સુંદરકાંડ-ભજન અને મહાઆરતીથી ભક્તિમય માહોલ ઝાલોદ નગરમાં હાલ ગણપતિ મહોત્સવની સાથે વિવિધ ધાર્મિક પર્વોની ઉજવણીથી સમગ્ર નગર ભક્તિમય બન્યું છે. આજે મહાલક્ષ્મી પ્રાગટ્યોત્સવ તથા રાધાષ્ટમીના પાવન અવસરને લઈને નગરના વિવિધ મંદિરોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ભાવિક ભક્તોએ બંને પવિત્ર પર્વની ધાર્મિક ઉજવણીમાં જોડાઈ ભક્તિનો લ્હાવો લીધો હતો. *લુહારવાડામાં મહાલક્ષ્મી માતાના મંદિરે શાસ્ત્રોક્ત પૂજન-હવન* ઝાલોદ નગરના લુહારવાડા વિસ્તારમાં સોમનાથ મહાદેવ મંદિરની સામે તથા...